**સમય સંદેશ**

પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

શ્રાવણ વદ - ૦૭ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર


**આજનો સુવિચાર**

ભેગા મળીને જીવે તે ગામડાની સંસ્કૃતિ, પરંતુ ભેગું કરીને જીવે તે શહેરની સંસ્કૃતિ!


વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૬૦ ● તારીખઃ ૧૯.૦૮.૨૦૨૬, બુધવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


**પ્રાસંગિક** HAPPY BIRTHDAY JAMNAGAR

# આજે જામનગરનો ૪૮૭ મો સ્થાપના દિનઃ ઈતિહાસ, આસ્થા, ઉદ્યોગ અને દરિયાઈ વારસાનું શહેર

## જામ રાવળે વાવેલું નવાનગર, આજે વિશ્વમાં ગુંજતું જામનગરઃ નદીની સ્વચ્છતા જાળવી રાખવા જામનગર જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, જામનગર મહાનગરપાલિકા અને જામનગર જિલ્લા હોમગાર્ડ દ્વારા આહ્વાન

### ઈતિહાસ, સંસ્કૃતિ, ઉદ્યોગ અને દરિયાઈ કુદરતનો ૪૮૭ વર્ષનો અનોખો વારસો

જામનગર સૌરાષ્ટ્રની ધરતી પર વસેલું જામનગર માત્ર એક શહેર નથી, પરંતુ સદીઓના ઈતિહાસ, રાજવી પરંપરા, ધાર્મિક આસ્થા, ઔદ્યોગિક વિકાસ અને અદભુત દરિયાઈ જૈવવિવિધતાનો જીવંત વારસો છે. ઐતિહાસિક રીતે નવાનગર તરીકે ઓળખાતું આ શહેર ઈ.સ. ૧૫૪૦માં જામ રાવળે નાગમતી અને રંગમતી નદીના કિનારે વસાવ્યું હતું. શ્રાવણ સુદ સાતમ સાથે જોડાયેલી આ સ્થાપનાની સ્મૃતિ આજે પણ જામનગરની ઓળખનો મહત્વનો ભાગ છે. આવતીકાલથી નવાનગરની સ્થાપનાને ૪૮૭મું વર્ષ બેસી રહ્યું છે.

### નવાનગરથી જામનગર સુધીની ઐતિહાસિક સફર

જામનગરના ઈતિહાસની શરૂઆત જાડેજા રાજવંશ અને નવાનગર રાજ્ય સાથે જોડાયેલી છે. જામ રાવળે ઈ.સ. ૧૫૪૦માં નવાનગરની સ્થાપના કરી હતી.

સમય જતાં નવાનગરનું નામ જામનગર તરીકે પ્રચલિત બન્યું અને શહેરે સૌરાષ્ટ્રના રાજકીય, સામાજિક અને આર્થિક નકશા પર આગવું સ્થાન બનાવ્યું. જામનગરનો રાજવી વારસો આજે પણ તેના મહેલો, કિલ્લાઓ, તળાવો અને જૂના શહેરની રચનામાં જોવા મળે છે.

### લખોટા તળાવ - જામનગરનું ધબકતું હૃદય

જામનગરની ઓળખમાં સૌથી આગળ આવે છે લખોટા તળાવ અને લખોટા કિલ્લો. શહેરની મધ્યમાં આવેલા આ ઐતિહાસિક તળાવની વચ્ચે આવેલો કિલ્લો રાજવી યુગની ગાથા સંભળાવે છે. લખોટા પેલેસમાં પણ ઐતિહાસિક વસ્તુઓ અને રાજવી સમયના અવશેષો જોવા મળે છે.

લખોટા તળાવ માત્ર ઐતિહાસિક સ્મારક નથી, પરંતુ શહેરના નાગરિકો અને પ્રવાસીઓ માટે વર્ષોથી આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. જામનગર આવે અને લખોટા તળાવની મુલાકાત ન લે તો શહેરની સફર જાણે અધૂરી ગણાય.

### 'છોટી કાશી'ની ધાર્મિક ઓળખ

જામનગરને 'છોટી કાશી' તરીકે પણ ઓળખવામાં આવે છે. શહેરમાં અનેક મંદિરો અને ધાર્મિક સ્થળો હોવાથી તેની ધાર્મિક ઓળખ વિશેષ મજબૂત છે. તેમાં બાલા હનુમાન મંદિરનું સ્થાન આગવું છે. અહીં સતત ૬૨ વર્ષથી રામધૂન ચાલે છે અને તે માટે મંદિરને દેશ-વિદેશમાં ઓળખ મળી છે. આ ઉપરાંત સ્વામિનારાયણ મંદિર, જૈન મંદિરો અને વિવિધ પ્રાચીન શિવ મંદિરો જામનગરની ધાર્મિક અને સાંસ્કૃતિક સમૃદ્ધિને દર્શાવે છે.

### જ્યાં દરિયો જીવંત છે મરીન નેશનલ પાર્ક

જામનગરની ઓળખ માત્ર રાજવી ઈતિહાસ અને મંદિરો પૂરતી સીમિત નથી. કચ્છના અખાત સાથે જોડાયેલો દરિયાઈ વિસ્તાર શહેરને કુદરતી રીતે પણ અત્યંત સમૃદ્ધ બનાવે છે.

મરીન નેશનલ પાર્ક જામનગરના સૌથી અનોખા કુદરતી ખજાનામાંથી એક છે. અહીં કોરલ રીફ, મેન્ગ્રોવ, કાદવ પ્રદેશ અને વિવિધ દરિયાઈ જીવસૃષ્ટિ જોવા મળે છે. દરિયાઈ કાચબા, ડોલ્ફિન, ઓક્ટોપસ, સી હોર્સ, સ્ટારફિશ, કરચલા, લોબસ્ટર અને વિવિધ પ્રકારની માછલીઓ સહિતની જૈવવિવિધતા આ વિસ્તારને વિશેષ બનાવે છે. મરીન નેશનલ પાર્કનો મહત્વનો ભાગ પિરોટન ટાપુ છે, જે બેડી બંદરથી દરિયાઈ માર્ગે આશરે ૧૮ નોટિકલ માઈલ દૂર આવેલો છે.

### ખીજડિયા - પક્ષીઓનું સ્વર્ગ

જામનગર શહેરથી આશરે ૧૦ કિલોમીટર ઉત્તર-પૂર્વમાં આવેલું ખીજડિયા પક્ષી અભયારણ્ય પણ શહેરની કુદરતી ઓળખનો મહત્વનો હિસ્સો છે. દરિયાકાંઠા, ખાડી અને વિવિધ જળવાસસ્થાનોને કારણે અહીં વિવિધ પ્રકારના પક્ષીઓ જોવા મળે છે. એક તરફ ઐતિહાસિક કિલ્લો અને રાજવી મહેલો, તો બીજી તરફ દરિયાઈ પાર્ક અને પક્ષી અભયારણ્ય.જામનગરની આ જ વૈવિધ્યસભર ઓળખ તેને અન્ય શહેરોથી અલગ બનાવે છે.



ફોટો : ભટ્ટી માનવ ચેતનભાઈ

### 'બ્રાસ સીટી'- પિત્તળ ઉદ્યોગની વૈશ્વિક ઓળખ

જામનગરને 'બ્રાસ સીટી' તરીકે ઓળખવામાં આવે છે. શહેર અને આસપાસનો પિત્તળ ઉદ્યોગ સ્થાનિક અર્થતંત્ર અને રોજગારી માટે અત્યંત મહત્વપૂર્ણ છે. પિત્તળના વિવિધ પાર્ટ્સ અને ઘટકોનું ઉત્પાદન અહીં થાય છે અને તેનો વેપાર દેશ-વિદેશ સુધી પહોંચે છે.

જામનગરના ઔદ્યોગિક વિકાસમાં પિત્તળ ઉપરાંત ઓઈલ રિફાઈનરી, ઓઈલ મિલ, કૃષિ આધારિત ઉદ્યોગો અને દરિયાઈ પ્રવૃત્તિઓનું પણ મહત્વનું સ્થાન છે.

### વિશ્વના રિફાઈનિંગ નકશા પર જામનગર

જામનગરનું નામ વિશ્વના મોટા રિફાઈનિંગ હબ્સમાં પણ જાણીતું છે. અહીં આવેલી વિશાળ ઓઈલ રિફાઈનિંગ ક્ષમતાએ જામનગરને વૈશ્વિક ઔદ્યોગિક નકશા પર આગવું સ્થાન અપાવ્યું છે. પરિણામે જામનગરને 'ઓઈલ સીટી' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ રીતે એક જ શહેરમાં પરંપરાગત પિત્તળ ઉદ્યોગથી લઈને અત્યાધુનિક પેટ્રોલિયમ ઉદ્યોગ સુધીનો વિકાસ જોવા મળે છે.

### ખેતી અને ગ્રામ્ય અર્થતંત્ર

જામનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ખેતી અને પશુપાલન પણ અર્થતંત્રના મહત્વના આધારસ્તંભ છે. મગફળી, કપાસ, ઘઉં, બાજરી અને એરંડા જેવા પાકોનું ઉત્પાદન થાય છે. દરિયાકાંઠા અને ભૌગોલિક પરિસ્થિતિને કારણે ખેતી સાથે પશુપાલન તથા માછીમારી જેવી પ્રવૃત્તિઓ પણ મહત્વ ધરાવે છે.

### બાંધણીની કળા

જામનગરની બજારો તેની પરંપરાગત કળા અને હસ્તકલા માટે પણ જાણીતી છે. ખાસ કરીને બાંધણી જામનગરની સાંસ્કૃતિક ઓળખનો મહત્વનો ભાગ છે. ટાઇ-એન્ડ-ડાઇ પદ્ધતિથી તૈયાર થતી બાંધણીની સાડીઓ અને વસ્ત્રો ગુજરાતની સમૃદ્ધ હસ્તકલા પરંપરાને આગળ ધપાવે છે.

### જામનગર અને ભારતીય ક્રિકેટનો ઐતિહાસિક સંબંધ

જામનગરનું નામ ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં પણ સુવર્ણ અક્ષરે લખાયું છે. નવાનગરના રાજવી કુમાર શ્રી રણજિતસિંહજી ભારતીય ક્રિકેટના મહાન દિગ્ગજોમાં ગણાય છે. તેમના નામ પરથી ભારતની પ્રતિષ્ઠિત પ્રથમ-શ્રેણીની ક્રિકેટ સ્પર્ધા રણજી ટ્રોફીનું નામ પડ્યું.આ રીતે જામનગરનો રાજવી વારસો માત્ર મહેલો અને કિલ્લાઓ સુધી સીમિત નથી રહ્યો, પરંતુ ભારતીય ક્રિકેટના ઈતિહાસ સાથે પણ જોડાઈ ગયો છે.

### દરિયો, બંદરો અને વેપાર

કચ્છના અખાત સાથેનો જોડાણ જામનગરને દરિયાઈ રીતે પણ મહત્વપૂર્ણ બનાવે છે. બેડી બંદર અને આસપાસનો દરિયાઈ વિસ્તાર વેપાર, ઔદ્યોગિક પ્રવૃત્તિઓ અને માછીમારી માટે મહત્વ ધરાવે છે. દરિયો જામનગરની અર્થવ્યવસ્થા સાથે સાથે તેની કુદરતી ઓળખનો પણ અભિન્ન ભાગ છે.

### એક શહેર, અનેક ઓળખ

જામનગરમાં પ્રવાસીઓને એકસાથે અનેક પ્રકારના અનુભવો મળે છે. લખોટા કિલ્લો અને તળાવ ઈતિહાસની વાત કરે છે, બાલા હનુમાન મંદિર આસ્થાની અનુભૂતિ કરાવે છે, પ્રતાપ વિલાસ પેલેસ રાજવી વારસાની યાદ અપાવે છે, જ્યારે મરીન નેશનલ પાર્ક અને ખીજડિયા કુદરતની સમૃદ્ધિ દર્શાવે છે. લખોટા કિલ્લો-તળાવ, બાલા હનુમાન મંદિર, પ્રતાપ વિલાસ પેલેસ, મરીન નેશનલ પાર્ક, પિરોટન ટાપુ, ખીજડિયા પક્ષી અભયારણ્ય, જામનગર આર્કિયોલોજિકલ મ્યુઝિયમ, દરબારગઢ, જૈન મંદિરો, કાશી વિશ્વનાથ મંદિર,સ્વામિનારાયણ મંદિર અને જૂના શહેરની બાંધણી-પિત્તળની બજારો જામનગરની આગવી ઓળખના મહત્વના કેન્દ્રો છે.

### આજે ૪૮૭મા વર્ષના ઉંબરે નવાનગર

ઈ.સ. ૧૫૪૦માં નવાનગર તરીકે શરૂ થયેલી સફર આજે આધુનિક જામનગર સુધી પહોંચી છે. સદીઓ દરમિયાન રાજાશાહીથી લોકશાહી, પરંપરાગત વ્યવસાયથી આધુનિક ઉદ્યોગ અને જૂના કિલ્લા-મહેલોથી વૈશ્વિક ઔદ્યોગિક ઓળખ સુધી જામનગર અનેક પરિવર્તનોનું સાક્ષી બન્યું છે.

આજે જામનગરની ઓળખ એક જ શબ્દમાં કરવી મુશ્કેલ છે. આ નવાનગરનું રાજવી ગૌરવ છે, છોટી કાશીની આસ્થા છે, બ્રાસ સીટીનો ઉદ્યોગ છે, ઓઈલ સીટીની વૈશ્વિક ઓળખ છે અને મરીન નેશનલ પાર્કની કુદરતી સમૃદ્ધિ છે.

શ્રાવણ સુદ સાતમના પાવન દિવસે સ્થાપિત થયેલું આ નગર હવે પોતાની ૪૮૭ વર્ષની ઐતિહાસિક સફરના નવા વર્ષમાં પ્રવેશી રહ્યું છે. સમય બદલાયો, શહેર વિસ્તર્યું, વિકાસની ગતિ વધી, પરંતુ નવાનગરની માટીમાં રહેલો ઈતિહાસ અને જામનગરની આગવી ઓળખ આજે પણ એટલી જ જીવંત છે.

### જામનગર એટલે માત્ર શહેર નહીં

જામ રાવળની વિરાસતથી આજના આધુનિક ઔદ્યોગિક નગર સુધીની ૪૮૭ વર્ષની એક અવિરત ગાથા.

**આલેખન**
**ભાર્ગવી યોગેશભાઈ વ્યાસ**
**જામનગર**

# આ વખતે પણ શ્રાવણી મેળાને કાનૂની વિઘ્ન નડવાની સંભાવના



**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં દર વર્ષે યોજાતો લોકપ્રિય શ્રાવણી મેળો આ વર્ષે પણ શરૂઆતથી જ વિવાદોના વંટોળમાં ઘેરાયો છે. મનોરંજનના પ્લોટની હરાજીની પ્રક્રિયાને લઈને ઊભા થયેલા પ્રશ્નોના કારણે આ વર્ષે પણ મેળાના આયોજન પર કાનૂની ગ્રહણ લાગવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. મહાનગરપાલિકા દ્વારા મેળા માટે ફાળવવામાં આવેલા કુલ ૪૩ પ્લોટમાંથી ૬ પ્લોટ રાઈડ્સ અને મશીન મનોરંજન માટે અનામત રાખવામાં આવ્યા છે. જોકે, આ પ્લોટ્સની હરાજી પ્રક્રિયા દરમિયાન અન્ય પાર્ટીઓના ટેન્ડર રદ થઈ જતાં મેદાનમાં માત્ર એક જ સિંગલ પાર્ટી બાકી રહી હતી. ત્યારબાદ મનપા તંત્ર દ્વારા આ હરાજી રદ કરીને રી-ટેન્ડરિંગ કરવાનો નિર્ણય લેવામાં આવતાં વિવાદ વધુ વકર્યો છે.

મહાનગરપાલિકાના આ નિર્ણયથી ભારે અસંતોષ વ્યક્ત કરીને સિંગલ પાર્ટી દ્વારા કાનૂની કાર્યવાહી કરવાની ગતિવિધિઓ તેજ કરી દેવામાં આવી છે. જો આ મામલો કોર્ટ-કચેરી સુધી પહોંચશે અને મેળો કાનૂની કાર્યવાહીના ચક્રવ્યૂહમાં સપડાશે, તો ગયા વર્ષની જેમ આ વર્ષે પણ મેળાના દિવસો ઘટાડવાની નોબત આવી શકે છે. હરાજીની પ્રક્રિયામાં કોની ભગત અને કોણ રાજી તે અંગે પણ ભારે ચર્ચાઓ જાગી છે. મનપા તંત્રના નિર્ણયના કારણે મેળો વિવાદમાં પડતાં નગરજનોના મનોરંજન પર ગ્રહણ લાગે તેવી શક્યતાઓ વ્યક્ત થઈ રહી છે.

બીજી તરફ, મહાનગરપાલિકા દ્વારા શ્રાવણી મેળાના બાકી રહેતા પ્લોટ માટે આગામી બુધવારે ફરીથી જાહેર હરાજી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું અધિકારીઓ દ્વારા જણાવાયું છે. મનપા દ્વારા કરવામાં આવેલી જાહેરાત મુજબ મશીન મનોરંજન, ચિલ્ડ્રન રાઈડ્સ, ખાણી-પીણીના સ્ટોલ, અને પોપકોર્ન સહિતના બાકી રહેલા વિવિધ પ્લોટ માટે આ જાહેર હરાજી યોજાશે. હરાજીમાં ભાગ લેવા ઈચ્છુક રાઈડ સંચાલકો તથા મેળાના અન્ય ધંધાર્થીઓને સંપર્ક કરવા તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે.

# ફાંસીની સજા સમાપ્ત કરવાની અરજી વડી અદાલતે ફગાવી

## ફાંસી ક્રુર અમાનવીય અને દર્દનાક છે તેને બદલે ઝેરી ઈન્જેકશન, ગોળી મારવી, વિજળીનો કરંટ અથવા ગેસ ચેમ્બર જેવા વિકલ્પો સુચવાયા હતા

**સમય સંદેશઃ નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે મંગળવારે મૃત્યુદંડ માટે ફાંસીની વર્તમાન વ્યવસ્થાને નાબૂદ કરવાની માંગ કરતી અરજીને ફગાવી દીધી હતી. ન્યાયાધીશ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચે જણાવ્યું હતું કે ફાંસીને ગેરબંધારણીય જાહેર કરવાનો હાલમાં કોઈ આધાર નથી.અરજીમાં ફાંસીને ક્રૂર, અમાનવીય અને પીડાદાયક ગણાવવામાં આવી હતી.

તેમાં ઘાતક ઈન્જેક્શન અને ગોળીબાર સહિત ચાર વૈકલ્પિક પદ્ધતિઓથી તેને બદલવાની માંગ કરવામાં આવી હતી.સુપ્રીમ કોર્ટે મંગળવારે મૃત્યુદંડ માટે ફાંસીની વર્તમાન વ્યવસ્થાને નાબૂદ કરવાની માંગ કરતી અરજીને ફગાવી દીધી હતી. ન્યાયાધીશ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચે જણાવ્યું હતું કે ફાંસીને ગેરબંધારણીય જાહેર કરવાનો હાલમાં કોઈ આધાર નથી.અરજીમાં ફાંસીને ક્રૂર, અમાનવીય અને પીડાદાયક ગણાવવામાં આવી હતી. તેમાં ઘાતક ઈન્જેક્શન અને ગોળીબાર સહિત ચાર વૈકલ્પિક પદ્ધતિઓથી તેને બદલવાની માંગ કરવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટે ફાંસીના બદલે ઓછી પીડાદાયક અને વધુ માનવીય પદ્ધતિઓ, જેમ કે ઘાતક ઈન્જેક્શન, અપનાવવાની માંગ કરતી જાહેર હિતની અરજીને ફગાવી દીધી છે. ન્યાયાધીશ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચે સ્પષ્ટતા કરી કે હાલ પૂરતું, દેશમાં ફાંસી દ્વારા ફાંસી આપવાની પદ્ધતિ બંધારણીય રીતે માન્ય અને અસરકારક છે.

સુપ્રીમ કોર્ટે આ કેસ (દીના વિરુદ્ધ ભારત સંઘ) સંબંધિત અગાઉના ત્રણ ચુકાદાઓને મોટી બેન્ચને મોકલવાની વિનંતીને પણ ફગાવી દીધી હતી, એમ કહીને કે આ માટે કોઈ મજબૂત આધાર નથી. મૃત્યુદંડની સજા ફટકાર્યા પછી કેદીને કેવી રીતે ફાંસી આપવી તે પ્રશ્ન લાંબા સમયથી દેશમાં ચર્ચાઈ રહ્યો છે. શું ફાંસી આપવી એ સૌથી યોગ્ય પદ્ધતિ છે, કે પછી કોઈ બીજી પદ્ધતિ છે જે પીડા અને વેદનાને ઓછી કરે છે અને કેદીના અંતિમ ક્ષણો દરમિયાન તેનું ગૌરવ જાળવી રાખે છે? સુપ્રીમ કોર્ટે મંગળવારે આ પ્રશ્ન પર એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો.

ન્યાયાધીશ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચે ફાંસીની સજાને નાબૂદ કરવાની માંગ કરતી અરજીને ફગાવી દીધી. જોકે, કોર્ટે સ્પષ્ટ કર્યું કે કેન્દ્ર સરકાર, જો ઇચ્છે તો, નિષ્ણાતોની મદદથી અન્ય પદ્ધતિઓની તપાસ કરી શકે છે. જો ભવિષ્યમાં મજબૂત વૈજ્ઞાનિક અથવા તબીબી પુરાવા બહાર આવે છે, તો આ મુદ્દો વધુ બંધારણીય તપાસનો વિષય પણ બની શકે છે

અરજીમાં શું કહેવામાં આવ્યું હતું? વરિષ્ઠ વકીલ ઋષિ મલ્હોત્રાએ ફાંસીની બંધારણીય માન્યતાને પડકારી હતી. અરજીમાં કહેવામાં આવ્યું હતું કે ફાંસી આપવાથી કેદીને લાંબા ગાળાની પીડા અને માનસિક

અનુ પાના નં.૨ પર

# જોડિયાના વાવડીમાં વીજ થાંભલા નાખવાની કામગીરીનો ઉગ્ર વિરોધ

## સ્થિતિ વણસતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી, મોટી સંખ્યામાં ખેડૂતોની અટકાયત, ગામમાં પોલીસ બંદોબસ્ત





**સમય સંદેશઃ જોડિયા**

જામનગરના જોડિયા તાલુકાના વાવડી ગામેથી પસાર થતી નવી વીજલાઈન માટે વીજપોલ ઊભા કરવાની કામગીરી શરૂ થતાં જ ખેડૂતો અને ગ્રામજનોનો આક્રોશ ફાટી નીકળ્યો હતો. વાવડી ગામના લોકોએ ઉગ્ર વિરોધ નોંધાવતાં સ્થિતિ વણસતી જોઈને પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. ખેડૂતો પર પોલીસ કાર્યવાહી અને વિરોધની જાણ થતાં જ જોડિયા તાલુકાના આસપાસના અન્ય ગ્રામ્ય વિસ્તારો જેવા કે લીંબુડા, કુનડ, કેસિયા અને ભાદરા ગામોમાંથી પણ મોટી સંખ્યામાં ખેડૂતો વાવડી ખાતે એકઠા થઈ ગયા હતા અને વીજપોલ ઊભા કરવાની કામગીરી તુરંત બંધ કરાવવા મોરચો માંડ્યો હતો.

સ્થિતિ વધુ ન વણસે તે માટે પોલીસે વિરોધ પ્રદર્શન કરી રહેલા ગ્રામજનો અને ખેડૂતોની અટકાયત કરી હતી. અંદાજે ત્રણ જેટલી

અનુ પાના નં.૨ પર

# જામનગરના વોર્ડ નં. ૧માં વીજ ફોલ્ટ સર્જાતાં અંધારપટઃ PGVCLની ટીમે રાત્રિભર જહેમત ઉઠાવી વીજ પુરવઠો પૂર્વવત કર્યો





તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના વોર્ડ નં. ૧ ના બેડી તથા બેડેશ્વર વિભાગના કેટલાક વિસ્તારોમાં ગઈકાલે રાત્રે આશરે ૮ વાગ્યાના સુમારે અચાનક વીજ પુરવઠો ખોરવાઈ જતાં સ્થાનિક રહીશો મુશ્કેલીમાં મુકાયા હતા. લાઈનમાં મોટો ટેકનિકલ ફોલ્ટ સર્જાયો હોવાના કારણે વારંવાર વીજળી ટ્રિપ થઈ રહી હતી. આ અંગેની જાણ થતાં જ વીજ ગ્રાહકોમાં ભારે અસંતોષ ફેલાયો હતો અને લોકોએ સ્થાનિક પ્રતિનિધિઓ તથા PGVCLના અધિકારીઓનો તાત્કાલિક સંપર્ક કર્યો હતો. બનાવની જાણ થતાં જ PGVCLના અધિકારીઓ અને કર્મચારીઓનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી ગયો હતો. પટેલ કોલોની તથા બેડેશ્વર વિભાગની PGVCLની ટીમો દ્વારા રાત્રિના સમયે પણ સતત પેટ્રોલિંગ કરીને ફોલ્ટ શોધવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સ્થાનિકોની હાજરીમાં વીજ કંપનીની ટીમે લાઈનમાં સર્જાયેલી ખામી દૂર કરવા માટે સતત પ્રયત્નો હાથ ધર્યા હતા.

અનુ પાના નં.૨ પર


## તંત્રી સ્થાનેથી..

# ભીડ માઝા મૂકે તો શું કરવું?!!

જૂન-જુલાઈ ૨૦૨૬માં દિલ્હીના જંતર-મંતર ખાતે વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન દરમિયાન પેલેટ ગનના ઉપયોગથી કેટલાક આંદોલનકારીઓને ઈજા પહોંચવાના અહેવાલો સામે આવ્યા બાદ ભીડ નિયંત્રણની પદ્ધતિઓ સામે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. અત્યાર સુધી કાશ્મીરમાં વિરોધ પ્રદર્શનો અટકાવવા માટે જાણીતી બનેલી આ પદ્ધતિ હવે રાષ્ટ્રીય રાજધાની સુધી પહોંચતા સુરક્ષા દળોના બળપ્રયોગના સ્તર અને નાગરિક અધિકારો અંગે નવી ચર્ચા છતયભશિંજ્ઞક્ષત શરૂ થઈ છે. રાજ્ય સરકાર અને પોલીસ વહીવટીતંત્ર માટે કાયદો-વ્યવસ્થા જાળવવી, હિંસા અટકાવવી અને જાહેર મિલકતોનું રક્ષણ કરવું એ પ્રાથમિક જવાબદારી છે. જ્યારે પ્રદર્શન અનિયંત્રિત બને ત્યારે તેને વિખેરવા માટે રબર બુલેટ, વોટર કેનન કે પેલેટ ગન જેવા સાધનોનો ઉપયોગ કરવાની સત્તા કાયદા હેઠળ સુરક્ષા દળોને મળેલી છે. સુપ્રીમ કોર્ટે પણ સ્પષ્ટ કર્યું છે કે ચોક્કસ અને અસાધારણ સ્થિતિમાં આવા શસ્ત્રોનો ઉપયોગ નિયમાનુસાર થઈ શકે છે. જોકે, પેલેટ ગનની પ્રકૃતિ એવી છે કે તેમાંથી નીકળતા ધાતુના નાના કણો ચોક્કસ નિશાન સાધવાને બદલે ચોતરફ ફેલાય છે, જેનાથી આસપાસ ઊભેલા નિર્દોષ લોકો અને ખાસ કરીને ચહેરા કે આંખ જેવા નાજુક ભાગો પર ગંભીર તથા કાયમી ઈજા થવાનું જોખમ રહે છે. જ્યારે વિરોધ કરનાર જૂથ વિદ્યાર્થીઓનું હોય, ત્યારે દેશ વિરોધી તત્વો કે તોફાની ટોળા સામે વપરાતી આક્રમક પદ્ધતિઓનો ઉપયોગ કરવાને બદલે સંયમ અને સમજુતીભર્યો અભિગમ અપનાવવો જરૂરી બને છે. આ સમગ્ર મુદ્દામાં તથ્યો અને વિવાદ વચ્ચે સ્પષ્ટતા લાવવા માટે વહીવટી પારદર્શિતા અત્યંત આવશ્યક છે. ઘટનાના સીસીટીવી ફૂટેજ, બોડી કેમેરા રેકોર્ડિંગ, દારૂગોળાનો હિસાબ અને તબીબી અહેવાલોની સ્વતંત્ર તપાસથી જ સાચી પરિસ્થિતિ જાણી શકાય છે. સરકારે પણ ભીડ નિયંત્રણ માટે પેલેટ ગન જેવા બળપ્રયોગના સાધનોના ઉપયોગ માટે કડક અને સુસ્પષ્ટ દિશાનિર્દેશો નક્કી કરવા જોઈએ, જેથી સુરક્ષા દળો પોતાની ફરજ બજાવી શકે અને સાથે સાથે નાગરિકોના બંધારણીય અધિકારોનું પણ રક્ષણ થાય. તેથી શસ્ત્રની કાયદેસરતા અને ચોક્કસ ઘટનામાં તેના દુરુપયોગના આરોપો વચ્ચેનો તફાવત સમજીને આગળ વધવું જરૂરી છે. પરંતુ આ સાથે એ પણ સ્વીકારવું રહ્યું કે પેલેટ ગનની અણધારી અસરને કારણે આંખ કે ચહેરા પર થતી ગંભીર ઈજાઓ કાયમી અંધાપો કે શારીરિક નુકસાન પહોંચાડી શકે છે.



# હાલારના હાલહવાલ



# ૭૮ દિવસનો પ્રતિબંધ પૂર્ણઃસલાયા બંદરેથી માછીમારી માટે બોટો દરિયામાં થઈ રવાના

**સમય સંદેશઃ સલાયા**

માછલીઓના પ્રજનનકાળને ધ્યાનમાં રાખીને દરિયામાં માછીમારી પર લગાવવામાં આવેલો ૭૮ દિવસનો પ્રતિબંધ પૂર્ણ થતાં જ સલાયા બંદરેથી ગઈકાલે તા.૧૭ ઓગસ્ટના રોજથી નવી માછીમારી સિઝનનો ધમધમાટ પ્રારંભ થઈ ગયો છે. વાસ્તવમાં દરિયાઈ માછીમારી પર ૩૧ મે થી ૧૫ ઓગસ્ટ સુધી વાર્ષિક પ્રતિબંધ અમલમાં હતો અને ૧૫ ઓગસ્ટની રાત્રે જ માછીમારોના ટોકન ઈસ્યુ કરવાની પ્રક્રિયા શરૂ થવાની હતી. જોકે, ટોકન



ઈસ્યુ સોફ્ટવેરમાં ટેક્નિકલ ખામી સર્જાવાના કારણે સિઝન શરૂ થવામાં બે દિવસનો વિલંબ થયો હતો. સલાયા માછીમાર મંડળીના પ્રમુખ સીદીક આદમ જસરાયના જણાવ્યા અનુસાર, સોફ્ટવેરની ખામી દૂર થયા બાદ ગઈકાલે બપોરે ૧૨ વાગ્યા પછી ઓનલાઈન ટોકન અને જરૂરી પરવાનગી મળતાં જ સલાયા બંદરેથી હજારો નાની-મોટી બોટો દરિયા તરફ રવાના થઈ હતી.

નવી સિઝનના પ્રારંભ સાથે જ સલાયા સહિત રાજ્યના વિવિધ બંદરો પરથી પણ મોટી સંખ્યામાં માછીમારી બોટો દરિયામાં પ્રસ્થાન કરી ચૂકી છે. લાંબા વિરામ બાદ શરૂ થયેલી નવી માછીમારી સિઝનને લઈને સમગ્ર માછીમાર સમાજ અને ખલાસીઓમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. દરિયામાં ગયેલા માછીમારોને પોતાની પ્રથમ ટ્રિપમાં જ વિપુલ પ્રમાણમાં માછલીઓનો જથ્થો (માલ) મળી રહેશે તેવી મોટી આશા અને અપેક્ષા સેવાઈ રહી છે.

# દ્વારકામાં દારૂ પ્રકરણનો નાસતો ફરતો આરોપી ઝડપાયોઃ કાર્યવાહી

**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકામાં થોડા સમય પૂર્વે દારૂ અંગેના એક પ્રકરણમાં જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના જોગવડ ગામના ખીમરાજ ઉર્ફે ખીમા નાગસુર વિભાભાઈ સોમાત નામના ૩૪ વર્ષના શખ્સનું નામ ખુલવા પામ્યું હતું. આને અનુલક્ષીને એલ.સી.બી. વિભાગના ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ. જોશી તેમજ પી.એસ.આઈ. એમ.આર. સવસેટાની ટીમ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં એ.એસ.આઈ. સહદેવસિંહ જાડેજાને મળેલી બાતમીના આધારે છેલ્લા ઘણા



સમયથી નાસતા ફરતા એવા ઉપરોક્ત આરોપી ખીમરાજ ઉર્ફે ખીમા સોમાતને દ્વારકા ખાતેથી ઝડપી લઇ, વધુ કાર્યવાહી અર્થે તેનો કબજો દ્વારકા પોલીસને સોંપવામાં આવ્યો છે.

# દ્વારકામાં ડો. પ્રવિણભાઈ તોગડિયાએ જગત મંદિરના દર્શન કરી ધન્યતા અનુભવીઃ ૫૧ હજાર હનુમાન ચાલીસા કરવા આહ્વાન કર્યું

**સમય સંદેશઃ દ્વારકા**
**(બુધાભા ભાટી દ્વારા)**

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. પ્રવિણભાઈ તોગડિયાએ ભગવાન દ્વારકાધીશના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. તેમની આ મુલાકાત દરમિયાન સમસ્ત અબોટી બ્રાહ્મણ પરિવાર વતી ભૂદેવ અનિલભાઈ જોષીએ દ્વારકાધીશજીની પવિત્ર ધ્વજાજીની પ્રસાદી અર્પણ કરીને તેમનું ભાવભર્યું સન્માન કર્યું હતું. આ પ્રસંગે ડો. તોગડિયાએ સમસ્ત અબોટી બ્રાહ્મણ પરિવારોને સંગઠિત થઈને સનાતન ધર્મની જાગૃતિ અર્થે અઠવાડિયામાં એક



વખત એકત્રિત થવા અને કૂલ ૫૧ હજાર હનુમાન ચાલીસાના પાઠ કરવા માટે વિશેષ આહ્વાન કર્યું હતું. ડો. પ્રવિણભાઈ તોગડિયાની આ દ્વારકા મુલાકાત વેળાએ હિન્દુ પરિષદ ગુજરાતના અધ્યક્ષ રણછોડભાઈ ભરવાડ, સંગઠન મંત્રી નિર્માણભાઈ ખુમાણ, દેવભૂમિ દ્વારકા જિલ્લા લીગલ સેલના અધ્યક્ષ અને વકીલ વિજયભાઈ વિઠલાણી સહિતના વિવિધ હોદ્દેદારો તથા સ્થાનિક હિન્દુ સંગઠનોના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.


# ખંભાળિયા : માદક પદાર્થ પ્રકરણમાં છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતા આરોપીને મુંબઈથી દબોચી લેવાયો

## એલસીબી પોલીસે એનડીપીએસના આરોપીને દબોચ્યો

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા પોલીસ મથકમાં વર્ષ ૨૦૨૩ ના સમયગાળામાં નોંધાયેલા ગુનામાં માદક પદાર્થ સંદર્ભે એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ મહારાષ્ટ્ર રાજ્યના મુંબઈના માહીમ વિસ્તારમાં રહેતા ફૈઝલ ઉર્ફે ચાઈ ઈકબાલ અબ્દુલકાદર મીઠા (મેમણ) નામના ૩૬ વર્ષના શખ્સનું નામ ખુલવા પામ્યું હતું.

એન.ડી.પી.એસ.ના ગુના સંદર્ભે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સૂચના મુજબ એલ.સી.બી. વિભાગના ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ. જોશીના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. બી.એમ દેવમુરારી અને એમ.આર. સવસેટાની ટીમ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં એલસીબી સ્ટાફના એ.એસ.આઈ.





અરજણભાઈ મારુ, જેસલસિંહ જાડેજા, દિનેશભાઈ માડમ, જગદીશભાઈ કરમુર, કુલદીપ સિંહ જાડેજા, લાખાભાઈ પીંડારીયા, વિશ્વદીપસિંહ જાડેજા અને એસ.ઓ.જી. વિભાગના એ.એસ.આઈ. ઈરફાનભાઈ ખીરાની ટીમ દ્વારા મહારાષ્ટ્ર રાજ્યમાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી લેવા માટે મહારાષ્ટ્ર રાજ્ય ખાતે તપાસ અર્થે કરવામાં આવેલી કામગીરી દરમિયાન ઈરફાનભાઈ ખીરાને મળેલી ચોક્કસ બાતમીના આધારે એન.ડી.પી.એસ.ના ગુનાના છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતા આરોપી એવા ફૈઝલ ઉર્ફે ચાઈ ઈકબાલને માહીમ વિસ્તારમાંથી ઝડપી લીધો હતો. આ પછી તેણે ખંભાળિયા લાવી, વધુ તપાસ અર્થે તેનો કબજો ખંભાળિયા પોલીસને સોંપવામાં આવ્યો છે.

# હેમાંગ જોશીની યુવા મોરચાના અધ્યક્ષ તરીકેની વરણીને ખંભાળિયાના બ્રહ્મ સમાજ દ્વારા આવકાર





**સમય સંદેશઃ ખંભાળિયા**

વડોદરાના સાંસદ અને ભારતીય જનતા પાર્ટીના નિષ્ઠાવાન કાર્યકરો ડો. હેમાંગભાઈ જોશીને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન દ્વારા ભારતીય જનતા પાર્ટી યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની વરણી કરવામાં આવતા સમગ્ર બ્રહ્મસમાજમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. ડો. હેમાંગ જોશીની યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની વરણીથી યુવા શક્તિને નવી દિશા અને સંગઠનને નવી ઉર્જા મળશે તેવા પ્રતિભાવો સાથે ખંભાળિયાના બરડાઈ બ્રહ્મ સમાજના પ્રમુખ વિજયભાઈ રાજ્યગુરુ સાથે રમેશભાઈ થાનકી, સંજયભાઈ થાનકી, વિરેન્દ્ર રાજ્યગુરુ વિગેરેએ આવકારી, તેમને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

# દ્વારકાના યુવાનને મારી નાખવાની ધમકીઃ સામા પક્ષે પણ એટ્રોસિટીનો ગુનો નોંધાયો

**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકાથી આશરે ૧૮ કિલોમીટર દૂર મૂળવાસર ગામની સીમમાં વાડી ધરાવતા અને હાલ ગઢેચી ગામે રહેતા દિપેશભા સમૈયાભા માણેક નામના ૨૯ વર્ષના યુવાનના ભાઈ વિરુદ્ધ કરવામાં આવેલી ફરિયાદ અંગેનો ખાર રાખીને આરોપી ગોવાભાઈ ધનાભાઈ ચાસીયા (રહે. મૂળવાસર) દ્વારા ફરિયાદી દિપેશભા માણેકના વાડીએ જવાના રસ્તામાં લાકડાની થાંભલી તથા બાવળની ઝાળીઓ રાખી હોય, તે હટાવવાનું કહેતા આરોપી ગોવાભાઈએ તેમને બિભત્સ ગાળો કાઢી, જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ દ્વારકા પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. સામા પક્ષે ગોવાભાઈ ધનાભાઈ ચાસીયાએ દિપેશભા સમૈયાભા માણેક સામે નોંધાવાયેલી ફરિયાદમાં જણાવાયું છે કે ફરિયાદીના દીકરાએ આરોપીના ભાઈ તથા તેમના સંબંધીઓ વિરુદ્ધ અગાઉ પોલીસ ફરિયાદ કરી હતી. જે બાબતનો ખાર રાખીને આરોપી દિપેશભાએ ફરિયાદી ગોવાભાઈના ખેતરમાં ફરિયાદી તથા તેમના પત્ની કામ કરી રહ્યા હતા, ત્યારે પથ્થરના છૂટા ઘા ફેંકી અને બિભત્સ ગાળો કાઢી, ફરિયાદીને મારીને તેના જ ખેતરમાં જીવતો દાટી દેવાની ધમકી આપી હોવાનું પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે. જે સંદર્ભે પોલીસે બી.અને.એસ. અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે.

## અનુસંધાન

### રેતી ભરેલો ટ્રક

(પાના નં. ૪ થી આગળ)

(ઉ.વ. ૨૬) પાસે ટ્રકમાં રહેલી રેતી અંગે રોયલ્ટી કે ખાણ ખનીજ વિભાગના કોઈ આધાર પુરાવા હોય તો રજુ કરવા જણાવતા ઉપરોક્ત શખ્સ દ્વારા જુના તારીખ અને સમય દર્શાવતી રોયલ્ટીની સ્લીપો બતાવવામાં આવી હતી. જે રોયલ્ટીની મુદત પૂર્ણ થઈ ગઈ હતી. છતાં પણ તે રેતીને ગેરકાયદેસર રીતે રાખી અને તેનું વહન કરતો હોવાનું જાહેર થયું છે.

આથી પોલીસે ૪૧ ટન રેતી ભરેલો ટ્રક કબ્જે કરી, આ અંગે આગળની કાર્યવાહી કરી હતી. આ સમગ્ર કાર્યવાહી પી.આઈ. વી.એ. રાણા તેમજ પી.એસ.આઈ. વી.એન. સિંગરખીયા અને સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

### બેકાબૂ થાર

(પાના નં. ૪ થી આગળ)

લોકોમાં ફફડાટ ફેલાયો હતો અને ઘટનાસ્થળે લોકોનું ટોળું એકત્ર થઈ ગયું હતું. બનાવની જાણ થતાં સિટી 'એ ડિવિઝન પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી. પોલીસે થાર ચાલક સામે નિયમ મુજબ કાર્યવાહી કરવાની દિશામાં તપાસ શરૂ કરી છે.

### ધ્રોલમાં પુનઃ

(પાના નં. ૩ થી આગળ)

શ્રી રંજનબેન જીવાણી, ધારાસભ્ય શ્રી મેઘજીભાઈ ચાવડા, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નિશા, શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી વર્ષાબેન માકડીયા, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી વિપુલ મહેતા સહિતના સ્થાનિક જનપ્રતિનિધિઓ તથા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### હિન્દુ સેના

(પાના નં. ૩ થી આગળ)

દેશોમાં ૧૧૧ email, ૧૧૦૦૦ વફતિંફા થી મેસેજ કરેલ. જેથી આજ નો યુવાન પણ પાન ના ગલ્લે, લારીએ પોતાના મોબઈલમાં રિલ્સ અને ગેમ માં ખોવાયેલો રહે છે જેને કાફે, પાન ના ગલે કે લારીએ ઉભીને પણ ઇન્ટરનેટનો ઉપયોગ કરી શિવભક્તિ કરી શકે છે આજની "GEN-Z" આવતી પેઢીને પ્રેરણા આપે તે હેતુથી હિન્દુ સેનાનો આ કાર્યક્રમ હતો.

જેમાં હિન્દુ સેના જામનગર શહેર યુવા પ્રભારી કિશન નંદા અને કોલેજીયન પ્રભારી ઓમ ભાનુશાળીના આયોજનથી સમર્પણ હોસ્પિટલ પાસે આવેલ પંચાયત કેફેમાં હિન્દુ સેના સૌરાષ્ટ્ર મંત્રી મયુર ચંદનની આગેવાનીમાં જામનગર શહેર યુવા ઉપપ્રમુખ મંથન અઘેરા, યુગ નંદા, ગણેશ ભોજવાની, મંથન પારેખ, આનંદ કનખરા, હેપ્પી પ્રજાપતિ, દિવ્યાંશ, હિન્દુ સેના શક્તિ વાહિની પ્રમુખ ક્રીશા દવે, ઝીલ મચ્છર સહિત સમર્પણ હોસ્પિટલ પાસે, પંચાયત કેફે માં ખાસ ઉપસ્થિત રહી ઓન લાઈન શિવજીની આરાધના ઇન્ટરનેટના માધ્યમ થી મોબાઈલ દ્વારા કરી કરી હતી.

### કારમાં લઈ જવાતો દારૂ

(પાના નં. ૩ થી આગળ)

જથ્થો પકડાયો હતો. પોલીસે કારમાં સવાર કાંતિભાઈ રમેશભાઈ ભુરીયા (રહે. સંદાગામ, તા. ભાભરા, જી. અલીરાજપુર, મધ્યપ્રદેશ) અને રૂપસિંગ પાંગલીયાભાઈ સીંગાડીયા (રહે. ખંભાલીડા, તા. ધ્રોલ, મૂળ એરણગામ, તા. ભાભરા, જી. અલીરાજપુર, મધ્યપ્રદેશ)ને ઝડપી પાડી રૂ.૧૦ હજારના બે મોબાઇલ ફોન તથા રૂ.૨ લાખની અલ્ટ્રો કાર સહિત કુલ રૂ.૨,૩૭,૮૫નો મુદ્દામાલ કબજે કર્યો હતો. દારૂ-બીયરનો જથ્થો મંગાવનાર રીવાભાઈ સોમલાભાઈ ગણાવાને ઝડપી પાડવા પોલીસે તપાસ હાથ ધરી છે.

### પોલીસની કસ્ટડી

(પાના નં. ૧ થી આગળ)

કરવામાં આવી હતી અને સમગ્ર પોલીસ તંત્રને એલર્ટ કરવામાં આવ્યું હતું. વધુમાં આરોપી મીત તથા તેને નાસી જવામાં મદદ કરનાર પ્રકાશ ઉર્ફે પકો સહિત અગાઉથી આયોજન કરી ગુનામાં મદદગારી કરનાર તેમજ તપાસ દરમિયાન ખુલાસો થાય તેવા અન્ય શખ્સો સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

### વાવડીમાં વીજ

(પાના નં. ૧ થી આગળ)

પોલીસ બસો ભરાય તેટલા ખેડૂતોને કસ્ટડીમાં લઈ જોડિયા પોલીસ સ્ટેશન ખાતે ખસેડાયા હતા. એક તરફ ખેડૂતો પોતાની જમીન અને ખેતીના રક્ષણ માટે વિરોધ પર મક્કમ રહ્યા છે, તો બીજી તરફ તંત્ર દ્વારા સ્થિતિ પર કાબૂ મેળવવા કાયદાકીય પગલાં ભરાયા છે. હાલ વાવડી ગામમાં સંવેદનશીલ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કોઈ અપ્રિય બનાવ ન બને તે અર્થે સ્થળ પર ભારે પોલીસ બંદોબસ્ત તૈનાત કરી દેવામાં આવ્યો છે.

### ફાંસીની સજા

(પાના નં. ૧ થી આગળ)

વેદના થઈ શકે છે. તેમાં કલમ ૨૧ હેઠળ ગૌરવ સાથે જીવવા અને મરવાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. અરજીમાં ફાંસી આપવાના વિકલ્પો, જેમ કે ઘાતક ઇન્જેક્શન, ગોળીબાર, વીજળીનો કરંટ અથવા ગેસ ચેમ્બર પર વિચાર કરવાની માંગ કરવામાં આવી હતી.

જૂની સીઆરપીસીની કલમ ૩૫૪(૫) માં મૃત્યુદંડની સજા પામેલા વ્યક્તિને મૃત્યુ સુધી ફાંસી આપવાની જોગવાઈ હતી. હવે, આ જોગવાઈ નવા સીઆરપીસીની કલમ ૩૯૩(૫) માં છે. સુપ્રીમ કોર્ટે અગાઉ ૧૯૮૩ના દીના કેસમાં ફાંસી આપવાની બંધારણીય માન્યતાને સમર્થન આપ્યું છે.

કેન્દ્ર સરકારે પહેલાથી જ તેના પર વિચાર કર્યો છે. ૨૦૨૩ માં, એટર્ની જનરલ આર. વેંકટરામણીએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર ફાંસી આપવાના વિકલ્પોની તપાસ કરવા માટે એક નિષ્ણાત સમિતિ બનાવવાનું વિચારી રહી છે.

૨૦૨૬ ની સુનાવણીમાં પણ, સરકારે જણાવ્યું હતું કે આ મામલાની ઉચ્ચ સ્તરે તપાસ થઈ રહી છે. કોર્ટે હજુ પણ કેન્દ્ર સરકાર માટે નિષ્ણાત સમિતિ દ્વારા વિકલ્પો શોધવાનો દરવાજો ખુલ્લો રાખ્યો હતો. વૈકલ્પિક પદ્ધતિઓ પર પહેલા પણ વિચાર કરવામાં આવ્યો છે ૨૦૦૩ માં, કાયદા પંચના ૧૮૭મા અહેવાલમાં ફાંસી માટે ઘાતક ઇન્જેક્શનને વૈકલ્પિક પદ્ધતિ બનાવવાની ભલામણ કરવામાં આવી હતી. વિજ્ઞાન અને તબીબી ટેકનોલોજીમાં થયેલા ફેરફારોને ધ્યાનમાં રાખીને કમિશને આ મુદ્દા પર વિચાર કર્યો હતો.

પ્રોજેક્ટ ૩૯અ એ સુનાવણી દરમિયાન જણાવ્યું હતું કે અન્ય દેશોમાં, ખાસ કરીને યુનાઇટેડ સ્ટેટ્સમાં ઘાતક ઇન્જેક્શનનો અનુભવ સંપૂર્ણપણે સફળ રહ્યો નથી. તેથી, કોઈપણ નવી પદ્ધતિ અપનાવતા પહેલા વૈજ્ઞાનિક અને તબીબી પુરાવાઓની સંપૂર્ણ તપાસ જરૂરી રહેશે.

સુપ્રીમ કોર્ટના નિર્ણયથી ભારતમાં ફાંસીની વર્તમાન પદ્ધતિમાં કોઈ ફેરફાર થયો નથી. જો કે, કોર્ટે એ શક્યતા ખુલ્લી રાખી છે કે, જો નવી વૈજ્ઞાનિક અથવા તબીબી માહિતી ઉપલબ્ધ થાય, તો ફાંસીની પદ્ધતિની બંધારણીય રીતે ફરીથી તપાસ કરી શકાય છે. વધુમાં, કેન્દ્ર સરકાર નિષ્ણાતો દ્વારા ઓછા પીડા અને વધુ ગૌરવ સાથે વિકલ્પો પર વિચાર કરી શકે છે.

### વીજ ફોલ્ટ સર્જાતાં

(પાના નં. ૧ થી આગળ)

અંતે PGVCLની ટીમની રાત્રિભરની ભારે જહેમત બાદ મોડી રાત્રે આશરે ૩:૩૦ વાગ્યાના સુમારે ફોલ્ટનું સફળતાપૂર્વક નિરાકરણ લાવી વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં આવ્યો હતો. મોડી રાત્રે વીજળી પૂર્વવત થતાં ગરમીથી અકળાયેલા સ્થાનિક રહીશોએ રાહતનો શ્વાસ લીધો હતો. રાત્રિના સમયે પણ પ્રશંસનીય કામગીરી કરી વીજળી ચાલુ કરનાર PGVCLના અધિકારીઓ તથા સમગ્ર કર્મચારીઓની આ કામગીરીને સ્થાનિકો દ્વારા બિરદાવવામાં આવી હતી.

## છેલ્લે-છેલ્લે

### સોનિયા ગાંધીની મુશ્કેલી વધીઃ વંદે માતરમ્ વિવાદ મામલે ગાજિયાબાદ કોર્ટમાં ફરિયાદ, સુનાવણીની તારીખ જાહેર

# જામનગરમાં પડતર માંગણીઓના મુદ્દે આશાવર્કરના ધરણાં





જામનગરમાં આશાવર્કર બહેનો દ્વારા ભારતીય મજદુર સંઘના સહકારથી પડતર માંગણીઓને મુદ્દે ગઇકાલે સાંજે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ધરણાં અને સુત્રોચ્ચારનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં આશાવર્કર, આંગણવાડી તથા મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓના પગાર વધારા સહિતની માંગણીઓ સાથેનું આવેદનપત્ર જિલ્લા કલેક્ટર તંત્રને પાઠવવામાં આવ્યું હતું.

# ધ્રોલમાં પુનઃ શાળા પ્રવેશ કરનાર બાળકોને શૈક્ષિણ કીટનું વિતરણ

**સમય સંદેશઃ ધ્રોલ**

ધ્રોલ શહેરની જી.એમ. પટેલ કન્યા શાળા ખાતે જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી અર્જૂનભાઈ મોઢવાડિયાના અધ્યક્ષ સ્થાને 'સમરસ વિદ્યા સેતુ' કાર્યક્રમ યોજાયો હતો. શિક્ષણથી વંચિત રહેલા તેમજ વિવિધ વિપરીત પરિસ્થિતિઓના કારણે શાળા છોડી ગયેલા બાળકોને ફરીથી શિક્ષણની મુખ્યધારામાં જોડવાના ઉદ્દેશ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં શિક્ષણવિદો, શિક્ષકો, પદાધિકારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા એકપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે છે. સરકાર પોતાના કુલ રૂ.૩ લાખ ૮ હજાર કરોડના બજેટમાંથી રૂ.૬૩,૦૦૦ કરોડથી વધુની માતબર રકમ માત્ર શિક્ષણ પાછળ ખર્ચી રહી છે અને શાળાઓમાં શ્રેષ્ઠ ભૌતિક સુવિધાઓ, પૌષ્ટિક ભોજન, પુસ્તકો, ઉત્તમ શિક્ષકો અને સ્કોલરશિપ જેવી સુવિધાઓ પૂરી પાડે છે. કાર્યક્રમ દરમિયાન મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ શરૂ કરાયેલા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના કારણે શાળાઓમાં



નોંધણી દરમાં અભૂતપૂર્વ વધારો થયો છે. રાજ્ય સરકાર દ્વારા હવે વર્ષ ૨૦૩૦ સુધીમાં ડ્રોપઆઉટ દરને શૂન્ય સુધી પહોંચાડવાનો દ્રઢ સંકલ્પ કરવામાં આવ્યો છે. આ લક્ષ્યાંક સિદ્ધ કરવા માટે મંત્રીશ્રીએ તમામ અધિકારીઓ, પદાધિકારીઓ અને શિક્ષકોને આહ્વાન કર્યું હતું કે શાળા છોડી ગયેલા તમામ બાળકો સત્વરે પુનઃપ્રવેશ મેળવે તે માટે સૌ નિષ્ઠાપૂર્વક જવાબદારી નિભાવે. શિક્ષકો પોતે જે ગામમાં ફરજ બજાવે છે ત્યાં એકપણ બાળક ભણતરથી વંચિત ન રહે તે જોવાની ટકોર સાથે વર્ષ ૨૦૪૭ના 'વિકસિત ભારત'ના નિર્માણમાં શિક્ષણ થકી સહભાગી થવા અપીલ કરી હતી.

આ પ્રસંગે શાળા છોડી ગયેલા બાળકોને શોધીને પુનઃ શાળામાં જોડવાની ઉત્કૃષ્ટ કામગીરી કરનાર શિક્ષણ વિભાગના કર્મયોગીઓ, શિક્ષકો તેમજ શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ સેવા આપનાર સંસ્થાઓ અને વ્યક્તિઓનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. સાથે જ શાળામાં પુનઃપ્રવેશ લેનાર બાળકોને શૈક્ષણિક કીટ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ

અનુ પાના નં.૨ પર

# શ્રાવણમાસના સોમવારે મોબાઈલથી શિવભક્તિ કરતી હિન્દુ સેના

**સમય સંદેશઃ જામનગર**

શ્રાવણ માસ દરમિયાન ગુજરાતમાં હિન્દુ સેના દ્વારા ઇન્ટરનેટ ના માધ્યમ દ્વારા ઓનલાઈન શિવજીની આરાધના કરતા જામનગરના સૈનિકોએ સમાજમાં ધર્મ સંગઠન અને જાગૃતતાને માટે ૫૧,૦૦૦ હિન્દુ લોકોને ઓનલાઈન સાથે વોટ્સએપ ના માધ્યમથી ૐ નમઃ શિવાય મંત્ર જાપના મેસેજ



તસવીરઃ હિરેન ગાંધી

સાથે સંપર્ક કરી ૫,૨૫,૦૦૦ (સવા પાંચ લાખ) હિન્દુ લોકો સુધી મેસેજ પહોંચાડવા કુલ ૨૦૨૬ વોટસએપ ગ્રુપનો અને વધુ ઇન્સ્ટાગ્રામ તેમજ ફેસબુકનો ઉપયોગ કરેલો. હિન્દુ સેના દ્વારા શિવજીના મેસેજ facebook, whatsapp, instagram દ્વારા વિદેશોમાં પહોંચાડેલ.ભારત સિવાય ત્રણ

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં એનાલોગ પનીર-ચીઝ-બટર સહિત અન્ય વાસી ખોરાકનો જથ્થો જપ્ત

**સમય સંદેશઃ જામનગર**

ગુજરાત સરકાર દ્વારા એનાલોગ પનીર, એનાલોગ ચીઝ અને એનાલોગ બટરના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ તથા પરિવહન પર મુકાયેલા પ્રતિબંધ અન્વયે જામનગર જિલ્લામાં ખોરાક અને ઔષધ નિયમન વિભાગ દ્વારા તા. ૦૬ થી ૧૨ ઓગસ્ટ સુધી કુલ ૧૨૧ પેઢીઓમાં તપાસ કરવામાં આવી હતી. જેમાં ૪૪.૦૨ કિલો એનાલોગ ચીઝ, ૪.૫ કિલો એનાલોગ પનીર, ૬.૫ કિલો અખાદ્ય પનીર અને તેમજ અન્ય ૪૦૦ કિલોગ્રામ વાસી ખોરાક મળી અંદાજીત રૂ. ૬૩,૧૦૦ની કિંમતના અખાદ્ય જથ્થાનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. તંત્ર દ્વારા વધુમાં જણાવવામાં આવ્યું છે કે આ અંગેની તપાસ આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે. જો કોઈ પણ પેઢી કે વેપારી દ્વારા પ્રતિબંધિત એનાલોગ પનીર,એનાલોગ ચીઝ કે એનાલોગ બટરનું ઉત્પાદન, સંગ્રહ,વેચાણ કે પરિવહન કરતા જણાશે તો તેમની સામે કાયદા અનુસાર કડક કાર્યવાહી કરવામાં આવશે. જેની સંબંધિત સર્વેને નોંધ લેવા યાદીમાં જણાવાયું છે.

# જામનગર શહેરમાં ઇ-બસ ફાળવાયા બાદ રૂટની પુનઃ રચના માટે કોર્પોરેટરોના સૂચન મેળવાયા




તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં જૂન મહિનાથી શરૂ થયેલી પ્રધાનમંત્રી ઈ-બસ યોજનાની પ્રથમ ૨૫ એરકંડિશન્ડ સીટી બસોને પ્રજા તરફથી ખૂબ જ ઉત્સાહજનક પ્રતિસાદ મળ્યો છે. પ્રથમ માસમાં જ ૫ રૂટ પર ૮૦ હજાર મુસાફરો નોંધાયા હતા અને તંત્રને ₹૮૧ લાખની આવક થઈ હતી. આ સફળતા બાદ કેન્દ્ર સરકાર દ્વારા શહેરને વધુ ૨૫ ઈ-બસો ફાળવવામાં આવી છે. આ વધારાની બસો સેવામાં ઉમેરાતાં હવે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સીટી બસ સેવાને શહેરની આસપાસના ૧૫ કિલોમીટરના દાયરામાં આવેલા ગ્રામ્ય વિસ્તારો સુધી લંબાવવાનું મહત્વકાંક્ષી આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

જેના ભાગરૂપે જામનગર-રાજકોટ હાઈવે પરના ધુંવાવ અને અલીયાબાડા, ખંભાળીયા રોડ પરનું લાખાબાવળ, તેમજ જીઆઈડીસી તરફના મસીતીયા, કનસુમરા, દડીયા, દરેડ અને ચેલા પાટીયા જેવા વિસ્તારોને આ બસ સેવા સાથે સાંકળી લેવામાં આવશે. પ્રજાજનોને મહત્તમ કનેક્ટિવિટી મળે અને શહેરી વિસ્તારમાં પ્રદૂષણમાં ઘટાડો થાય તે મુખ્ય હેતુ છે. હાલમાં તંત્ર દ્વારા પ્રજાના પ્રતિનિધિઓ એવા મ્યુનિસિપલ કોર્પોરેટરો પાસેથી જરૂરી સૂચનો મંગાવવામાં આવ્યા છે. લોકપ્રતિનિધિઓના સૂચનો મેળવ્યા બાદ સીટી બસ સેવાના હાલના ૫ રૂટ વધારીને ૧૬ સુધી કરવામાં આવશે અને નક્કી કરાયેલા ૨૨૨ બસ સ્ટોપની સંખ્યામાં પણ વધારો કરવામાં આવશે.

# જામનગર જિલ્લા હોમગાર્ડઝનું ગૌરવ વધારતા પાંચ સભ્યનું કરાયું સન્માન





તસવીરઃ હિરેન ગાંધી

જામનગર જિલ્લાના ત્રણ અધિકારીઓ અને બે હોમગાર્ડઝ સભ્યો સહિત કુલ પાંચ વ્યક્તિઓને જિલ્લા કક્ષાની સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી દરમિયાન મુખ્યમંત્રી મેડલો એનાયત કરવામાં આવ્યાં હતા. ગુજરાતનાં પ્રતિષ્ઠિત મુખ્યમંત્રી એવોર્ડ જાન્યુઆરી માસમાં જાહેર કરવામાં આવ્યા હતા.! જેમાં જામનગર જિલ્લાના ત્રણ ઓફિસરો અને બે હોમગાર્ડઝ સભ્યો સહિત કુલ પાંચ નામોની જાહેરાત કરવામાં આવી હતી. આ પાંચ એવોર્ડ વિજેતાઓ પૈકી ઓફિસરો શ્રી કૈલાશ જેઠવા., શ્રી જયેશ રાણા., શ્રી પ્રદ્યુમનસિંહ ગોહિલ અને હોમગાર્ડઝ સભ્ય શ્રી સંદીપ દાઉદીયા ત્થા મહિલા સભ્ય શ્રી જીજ્ઞાબેન ગોપીયાણી ને આજરોજ ધ્રોલ ખાતેનાં ભુચરમોરી મેદાન માં યોજાયેલ ૮૦-માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી દરમિયાન કેબિનેટ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા ના હસ્તે તમામને મેડલો એનાયત કરવામાં આવ્યાં હતાં.! આ તકે અન્ય મહાનુભાવોની સાથે જિલ્લાના કમાન્ડન્ટ શ્રી ગીરીશ સરવૈયા પણ હાજર રહ્યા હતા અને તમામને અભિનંદન પાઠવ્યા હતા.

# જામનગરમાં પોલીસની કસ્ટડીમાંથી આરોપી ફરાર થઈ જતાં પોલીસ તંત્રમાં ભારે દોડધામ

## ફોટા-ફિંગરપ્રિન્ટ કરાવવા લઈ જવાતો આરોપી ચાલતી બાઈકમાંથી ઉતરી સાગરીતની હોન્ડા પર બેસી નાસી ગયો

**સમય સંદેશઃ જામનગર**

તા. ૧૪ ઓગસ્ટના રોજ જામનગર શહેરના સિટી સી. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હોમગાર્ડ સભ્ય કિરણકુમાર ધીરજલાલ ત્રિવેદીને આરોપી મીત ઉર્ફે મિતેષ ઉર્ફે મીતલો સુનીલભાઈ બારીયાને ફોટા તથા ફિંગરપ્રિન્ટ લેવડાવવા માટે લઈ જવાની જવાબદારી સોંપવામાં આવી હતી. આરોપીને એક્સેસ પર પાછળ બેસાડી શહેરના બી. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં લઈ જવાયો હતો, જ્યાં ફોટા અને ફિંગરપ્રિન્ટની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી હતી. આ દરમિયાન એક શખ્સ હોન્ડા લઈને ત્યાં આવ્યો હતો અને આરોપીને મસાલો આપવાનો પ્રયાસ કરતાં હોમગાર્ડે તેને અટકાવ્યો હતો. તેનું નામ પૂછતાં તેણે પોતાનું નામ પ્રકાશ ઉર્ફે પકો હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ તે હોન્ડા લઈને ત્યાંથી નીકળી ગયો હતો. આરોપીને લઈને હોમગાર્ડ ગુરુદ્વારા તરફના રસ્તે થઈ સાત રસ્તા તરફ જઈ રહ્યા હતા ત્યારે આ હોન્ડા ચાલક પાછળથી તેમનો પીછો કરતો હતો અને એમ.પી. શાહ કોલેજના ખૂણે બેટરીવાળા રસ્તા પાસે બે-ત્રણ વાહનો વચ્ચે આવતાં હોમગાર્ડે એક્સેસ ધીમી કરી હતી.

આ તકનો લાભ લઈ મીત ચાલુ વાહનમાંથી નીચે ઉતરી ગયો હતો અને પાછળથી આવી રહેલા પ્રકાશ ઉર્ફે પકોની હોન્ડા પર બેસી ગયો હતો. બંને પુલ પર ચઢી નાગનાથ ગેઇટ તરફ નાસી ગયા હતા. બનાવની જાણ થતાં ફરજ પરના અધિકારીને તાત્કાલિક ફોન કરી જાણ

અનુ પાના નં.૨ પર

# મીલીપેડ ઇયળનો ઉપદ્રવ અટકાવવા માટે માર્ગદર્શિકા



**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના કેટલાક ગામોમાં મીલીપેડ ઈયળનો ઉપદ્રવ જોવા મળ્યો છે. સામાન્ય રીતે આ જીવાત માણસ જાત પશુ કે ખેતીના પાકોને નુકસાન કરતી નથી. પરંતુ વધારે ઉપદ્રવ હોય તો તેના નિયંત્રણ માટે ખેતીવાડી અધિકારી જામનગર દ્વારા માર્ગદર્શિકા જાહેર કરાઈ છે.

માર્ગદર્શિકા મુજબ આ જીવાતનો ખોરાક કહેવાતા પદાર્થો છે. આ જીવાત ઘાસના ઢગલા, પાંદડાના ઢગલા, કચરો, કોહવાતા પદાર્થો, સડતા લાકડા વગેરે ઘરની આજુબાજુથી દૂર કરવા અથવા સળગાવી નાશ કરવો, ભેજ દૂર કરવો, ઘરના બારી બારણા બંધ રાખવા, તિરાડો કે કાણા પૂરી દેવા, ઘરની દીવાલોમાં ત્રણ ફૂટ સુધી જંતુનાશક દવાઓનો છંટકાવ કરવો, મીઠાના દ્રાવણનો છંટકાવ કરવો.

જો વધુ ઉપદ્રવ જણાય તો તાત્કાલિક નિયંત્રણ માટે સાયપર મેથ્રીન ૨૫ મિ.લી., ફ્લોરપાયરી ફોસ ૫૦ મિ.લી., કારટેપ હાઇડ્રોક્લોરાઇડ ૧૦ ગ્રામ આ ત્રણેય દવા ૧૫ લીટર પાણીમાં નાખી છંટકાવ કરવા માટે ઉપયોગમાં લઈ શકાય તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ધ્રોલ નજીકથી એલસીબીએ કારમાં લઇ જવાતો દારૂ અને બિયરનો જથ્થો પકડ્યો




**સમય સંદેશઃ ધ્રોલ**

દારૂબંધીના દાવા વચ્ચે જામનગર જિલ્લામાંથી વધુ એક વખત દારૂ પકડાયો છે. જામનગર-રાજકોટ હાઇવે પર ધ્રોલ નજીક એલ.સી.બી.એ બાતમીના આધારે રેડ પાડી એક કારમાંથી દારૂ અને બીયરનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે બે શખ્સોની ધરપકડ કરી કુલ રૂ.૨,૩૭,૮૮૫નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

એલ.સી.બી.ની ટીમેં બાતમીના આધારે જામનગર નજીકના ધ્રોલ પાસે જી.જે.૦૧-કેઆર-૨૪૯૬ નંબરની અલ્ટ્રો કારને અટકાવી તલાશી લેતા કારમાંથી ૧૧ હજાર ઉપરાંતની અલગ-અલગ બ્રાન્ડની દારૂની ૯૬ બોટલ અને બીયરના ૧૩૨ ટીન કિંમત રૂ.૧૬,૬૦૫નો

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં લાંબા સમય બાદ વીજ ચેકીંગ





તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં પીજીવીસીએલ દ્વારા દિવસો પછી ગઈકાલે ફરી એક વખત વીજચોરી શોધી કાઢવા કેટલાક વિસ્તારોમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. કાલાવડ નાકા બહાર આવેલ ગરીબ નવાઝ પાર્ક, સેટેલાઇટ અને અલસફા સોસાયટી સહિતના કેટલાક વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા સાથે પીજીવીસીએલની ટીમોએ ચેકીંગ હાથ ધર્યુ હતું. સાંજ સુધીમાં લાખો રૂપિયાની પાવરચોરી ઝડપાઇ તેવી શક્યતા સુત્રોએ વ્યકત કરી હતી.

# ભોળેશ્વર મહાદેવના દર્શને જતા પદયાત્રીઓની સુરક્ષા માટે જામનગર હોમગાર્ડઝની અનોખી સેવા



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

શ્રાવણ માસના પ્રથમ સોમવાર નિમિત્તે લાલપુર રોડ પર આવેલા ભોળેશ્વર મહાદેવ મંદિર ખાતે પગપાળા દર્શને જતા પદયાત્રીઓની સુરક્ષા માટે જામનગર હોમગાર્ડઝ દ્વારા સેવાકીય કામગીરી હાથ ધરવામાં આવી હતી.

શ્રાવણ માસ દરમિયાન દર રવિવારે રાત્રિના સમયે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભોળેશ્વર મહાદેવના દર્શન કરવા માટે પગપાળા જતા હોય છે. રાત્રિના અંધકારમાં પદયાત્રીઓ વાહનચાલકોને સરળતાથી દેખાઈ શકે અને અકસ્માતનો ભય ટાળી શકાય તે હેતુથી હોમગાર્ડઝના જવાનો દ્વારા પદયાત્રીઓના વસ્ત્રો તથા અન્ય સ્થળોએ રેડિયમ રિફ્લેકટર લગાવવાની સેવા કરવામાં આવી હતી.

રાત્રિના સમયે માર્ગ પરથી પસાર થતા વાહનોના ચાલકોને પદયાત્રીઓ દૂરથી જ નજરે પડે અને તેમની સલામતી જળવાઈ રહે તે માટે હોમગાર્ડઝના જવાનોએ ઉત્સાહપૂર્વક આ સેવાકાર્યમાં ભાગ લીધો હતો. શ્રદ્ધા સાથે દર્શન માટે નીકળેલા પદયાત્રીઓની સુરક્ષાને પ્રાથમિકતા આપી હોમગાર્ડઝ દ્વારા કરવામાં આવેલી આ કામગીરીને આવકારવામાં આવી હતી. શ્રાવણ માસ દરમિયાન પદયાત્રીઓની સંખ્યા વધતી હોવાથી રાત્રિના સમયે વાહનચાલકોએ પણ સાવચેતીપૂર્વક વાહન ચલાવી પદયાત્રીઓની સુરક્ષામાં સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે.

# જામનગરમાં પ્રથમ શ્રાવણી સોમવારે છોટીકાશીના શિવાલયોમાં અલૌકિક શણગાર



તસવીરઃ હિરેન ગાંધી

જામનગરના જાણીતા શિવાલયોમાં શ્રાવણ માસના સોમવારે સાંજે અલૌકિક શણગારના દર્શન યોજાયા હતાં. શહેરના સુવિખ્યાત એવા કાશીવિશ્વનાથ મહાદેવ, ઓમકારેશ્વર મહાદેવ, ભીમાશંકર મહાદેવ, રામેશ્વર મહાદેવ, બેડેશ્વર મહાદેવ, ઇચ્છેશ્વર મહાદેવ અને ગૌરીશંકર મહાદેવ મંદિર સહિતના શિવાયલોમાં દર્શન માટે સાંજે પાંચ વાગ્યાથી રાત્રિના એક વાગ્યા સુધી ભાવિકોનો પ્રવાહ જોવા મળ્યો હતો. આ સાથે જ જામનગરના શિવાલયોમાં 'હર હર મહાદેવ'નો જયઘોષ સંભળાતો હતો.

# માધવપુરના દરિયામાં દુર્ઘટનાઃ યાત્રાળુ મહિલાનું ડૂબી જવાથી મોત, એકની હાલત અત્યંત ગંભીર

**સમય સંદેશઃ માધવપુર (પોરબંદર)**
**(સુભાષ માવદિયા દ્વારા)**



માધવપુરના દરિયામાં ગઈકાલે એક દુ:ખદ દુર્ઘટના સર્જાઈ હતી. પ્રાપ્ત માહિતી મુજબ દરિયામાં પગ બોળવા જતા યાત્રાળુઓ પૈકી એક મહિલા દરિયાના મોજા સાથે ઊંડા પાણીમાં ખેંચાઈ ગઈ હતી. આ દુર્ઘટનામાં મહિલાનું મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. મૃતક મહિલાની ઓળખ અંજલિબેન હરિમોહન શર્મા તરીકે થઈ હોવાનું જાણવા મળે છે. ઘટનામાં દિલ્હીથી આવેલા હરિમોહન શર્મા નામના વ્યક્તિની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

ઘટનાની જાણ થતાં પોલીસ સહિતના લોકોએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી હતી. દરિયાકાંઠે હાજર બે યુવાનો તથા અન્ય લોકોએ દરિયામાંથી બે વ્યક્તિઓને બહાર કાઢી બચાવ્યા હોવાનું જાણવા મળે છે. પોલીસે મૃતદેહનો કબજો મેળવી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે અને આગળની કાર્યવાહી માટે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલવાની કાર્યવાહી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

દરિયામાં વધતા મોજા અને પાણીની સ્થિતિને ધ્યાનમાં રાખીને યાત્રાળુઓ તથા પ્રવાસીઓને દરિયામાં ન જવા અને સુરક્ષાના નિયમોનું પાલન કરવા તંત્ર દ્વારા સાવચેતી રાખવાની જરૂરિયાત સામે આવી છે.

# ભાણવડનાં ભુવનેશ્વર ગામે ૧૧૧ બોટલ દારૂ સાથે એક ઝડપાયો




**સમય સંદેશઃ ભાણવડ**

ભાણવડ વિસ્તારમાં દારૂની બદીને નાથવા માટે સ્થાનિક પોલીસની રફતાર તેજ બની છે. તાલુકાનાં ભુવનેશ્વર ગામે રહેણાંક મકાનમાં છુપાવી રાખેલ રૂા.૭૦ હજારથી વધુ કિંમતનો ભારતીય બનાવટનો ૧૧૧ બોટલ ભારતીય બનાવટનો કબ્જે કરી એક બુટલેગરની ધરપકડ કરી છે, તેમજ એક નાશી છુટયો હતો.

જીલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાએ જીલ્લામાં અસામાજીક પ્રવૃતિ સામે કડક કામ લેવાની સુચના આપી હતી ત્યારે ભાણવડ પોલીસ પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન પોરબંદર હાઇવે પર ભુવનેશ્વર ગામે રહેણાંક મકાનમાં દારૂ છુપાવી રાખ્યો હોવાની બાતમી પરથી ભાણવડ પોલીસ સ્થળ પર પહોંચી હતી.

અને રહેણાંક મકાનની તલાસી લેતા ભારતીય બનાવટનો ૧૧૧ બોટલ દારૂ મળી આવ્યો હતો આમ પીસે ૭૦ હજારથી વધુ કિંમતના દારૂનો જથ્થો સાથે ભુવનેશ્વર ગામના નામચીન બુટલેગર દાસા રાજાભાઇ કોડીયાતરની ધરપકડ કરી હતી. જયારે જીવો લક્ષ્મણ રબારી વિજરણા, તા. પોરબંદરનો બુટલેગર નાસી છુટતા તેની શોધખોળ કરી છે.

## સતિયામાં છાતીમાં દુઃખાવા બાદ આધેડ ખેડૂતનું મોત

**સમય સંદેશઃ કાલાવડ**

કાલાવડના સતીયા રહેતા મશરૂભાઈ ગોલતર (ઉં.વ.૫૮) વાડીએ હતા. દરમિયાન તેમને અચાનક છાતીમાં દુખાવો ઉપડ્યો હતો અને તેઓ બેભાન થઈ ઢળી પડ્યા હતા. પરિવારજનો તેમને તાત્કાલિક કાલાવડ સરકારી હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તપાસ બાદ મૃત જાહેર કર્યા હતા. આ અંગે પોલીસમાં જાણ કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટાફ દોડી જઇ અકસ્માતે મોતની નોંધ કરી પોલીસે તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં પોલીસે બે સ્થળે પાડ્યા જુગારના દરોડાઃ ૧૪ મહિલા સહિત ૧૮ શખ્સો ઝડપાયા

## પટેલનગર અને દિગ્વિજય પ્લોટમાંથી કુલ ૭૯,૫૦૦ની રોકડ રકમ કબ્જે; પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધ્યો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં પોલીસે જુગાર સંબંધિત બે અલગ-અલગ સ્થળોએ સફળ દરોડા પાડ્યા હતા. શહેરના પટેલનગર અને દિગ્વિજય પ્લોટ-૫૮ વિસ્તારમાં પાડવામાં આવેલા આ દરોડા દરમિયાન પોલીસે કુલ ૧૪ મહિલાઓ સહિત ૧૮ જુગારીઓને રંગેહાથ ઝડપી લીધા હતા. દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી રૂા. ૮૦ હજાર જેટલી મત્તાની રોકડ રકમ કબ્જે કરી તમામ આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રથમ દરોડામાં સિટી એ ડિવિઝન પોલીસે શહેરના પટેલનગર વિસ્તારમાં આવેલ મારુતિપાર્કમાં જાહેરમાં ગંજીપત્તા વડે જુગાર રમી રહેલી ૧૪ મહિલાઓને ઝડપી પાડી હતી. જેમાં સુમનબેન મકવાણા, સંગીતાબેન કબીરા, ચંપાબેન વાઘેલા, ધનીબેન કબીરા, પાર્વતીબેન ચૌહાણ, ગીતાબેન ચૌહાણ, મિતલબેન કબીરા, પ્રીતિબેન વાણીયા, વિજ્યાબેન ખાણીયા, મંજુબેન પુરબીયા, પૂજાબેન પરમાર, મીનાબેન બારીયા, હંસાબેન નારોલા અને સોનલબેન વાઘેલાનો સમાવેશ થાય છે. પોલીસે આ મહિલાઓ પાસેથી રૂા. ૬૮,૬૦૦ની રોકડ રકમ કબ્જે કરી હતી.

જ્યારે બીજા દરોડામાં પોલીસે શહેરના દિગ્વિજય પ્લોટ-૫૮ વિસ્તારમાં જાહેરમાં વરલી-મટકાનો એકીબેકીનો જુગાર રમી રહેલા ચાર પુરુષ જુગારીઓને ઝડપી લીધા હતા. જેમાં વિનોદભાઈ મંગે, નિશાંતભાઈ માવાણી, પ્રેમભાઈ ભદ્રા અને શૈલેષભાઈ ઉર્ફે ભીખો મંગેનો સમાવેશ થાય છે. પોલીસે આ ચારેય આરોપીઓ પાસેથી રૂા. ૧૦,૯૦૦ની રોકડ રકમ કબ્જે કરી તમામ સામે જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કલ્યાણપુર નજીક રેતી ભરેલો ટ્રક સિઝ કરાયો



**સમય સંદેશઃ કલ્યાણપુર**

દેવભૂમિ દ્વારકા જિલ્લા એસ.ઓ.જી. વિભાગના પી.આઈ. વી.એ. રાણા તેમજ તેમની ટીમ દ્વારા રવિવારે કરવામાં આવેલી કાર્યવાહીમાં સ્ટાફના એ.એસ.આઈ. કાનાભાઈ માડમ, ભીખાભાઈ ગાગીયા અને સુમાતભાઈ ભાટિયા દ્વારા રવિવારે કલ્યાણપુર વિસ્તારમાં હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે કલ્યાણપુર તાલુકાના હનુમાનગઢ ગામેથી ગેરકાયદેસર રેતી ભરીને નીકળેલો એક ટ્રક ઝડપાયો હતો.

જેમાં પોલીસે આર.જે. ૨૭ જી.ઈ. ૩૮૬૬ નંબરના આ ટ્રકના ચાલક એવા રાજસ્થાન રાજ્યના ચિત્તોડગઢ જિલ્લાના વતની શાહદતહુસેન અલી મહંમદ

અનુ પાના નં.૨ પર

# જામનગર શહેર ભાજપ દ્વારા ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો


તસવીરઃ હિરેન ગાંધી



**સમય સંદેશઃ જામનગર**

સ્વાતંત્ર દિવસ ઉપલક્ષમાં ભારતીય જનતા પાર્ટી જામનગર મહાનગર દ્વારા શહેર ભાજપ કાર્યાલય જામનગર ખાતે ધ્વજવંદન કાર્યક્રમ નું આયોજન કરવામાં આવેલ. આ કાર્યકમમાં સાંસદ પૂનમબેન માડમ, મહામંત્રી વિજયસિંહ જેઠવા, મૃગેશ દવે, ભાવેશ કાનાણી, મેયર મોનિકાબેન વ્યાસ, સ્ટે. કમિટી. ચેરમેન ધીરેન મોનાણી, સાસ્ક પક્ષ નેતા અમરભાઇ મોદી, ડે મેયર રાકેશભાઈ ડેર, દંડક પ્રવિણાબેન રૂપળીયા સહિત, શહેર સંગઠન, વોર્ડના પ્રભારીશ્રીઓ, વોર્ડના પ્રમુખશ્રી - મહામંત્રીશ્રીઓ, તમામ મોરચાના પ્રમુખશ્રી - મહામંત્રીશ્રીઓ, તમામ ચૂંટાયેલા કોર્પોરેટરશ્રીઓ, પ્રાથમિક શિક્ષણ સમિતિ સભ્યો કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા.

# આજે જામનગરના સ્થાપના દિનની કરાશે ભવ્ય ઉજવણી



**સમય સંદેશઃ જામનગર**

આજે શ્રાવણ સુદ સાતમ એટલે કે, તા. ૧૯ મી ઓગસ્ટના રજ જામનગર શહેરના ૪૮૭ મા સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે મહાનગરપાલિકાના તંત્ર દ્વારા શહેરની સ્થાપનાની થાંભલીનું પુજન, રાજવીઓની પ્રતિમાઓને ફુલ હાર અર્પણ કરવા સાથે સાંજે જામનગરનો ઈતિહાસ વિષય ઉપર એક ક્વિઝ યોજવામાં આવી છે. જામ રાવળજીએ કચ્છથી પ્રયાણ કરીને હાલારનો રૂખ કર્યા બાદ ઈ.સ. ૧૫૩૯માં શ્રાવણ માસની સુદ સાતમના રોજ નવાનગર નામના શહેરની સ્થાપના કરી હતી.

આ નિમિત્તે ચાર દિશામાં પુજન કરીને ચાર થાંભલી રોપવામાં આવી હતી. સમય જતાં શહેરનું નામ જામ રાજવંશ ઉપરથી જામનગર થવા પામ્યું છે. આવતીકાલે તા.૧૯મીએ સવારે ૯ વાગ્યે મેયર મોનિકાબેન વ્યાસના હસ્તે દરબાર ગઢ પાસેની દુકાનમાં રહેલી શહેરની સ્થાપનાની થાંભલીનું પુજન થશે. બાદમાં રાજવીઓની તળાવ પરિસરમાં આવેલી પ્રતિમાઓને ફુલહાર અર્પણ થશે. જેમાં તમામ પદાધિકારીઓ જોડાશે.

દર વર્ષની માફક રાજપુત સંસ્થાઓ દ્વારા પણ થાંભલીનું પુજન થશે. સાંજે ૬ વાગ્યે મ્યુ. તંત્ર દ્વારા-જામનગરના ઈતિહાસ વિષય ઉપર એક ક્વિઝ કોમ્પિટીશન યોજવામાં આવી છે. તંત્રએ આ ક્વિઝમાં શહેરની શાળા-કોલેજો તથા વેપારી સંસ્થાઓ, ચેમ્બર ઓફ કોમર્સ, ફેક્ટરી ઓનર્સ એસો. ને જોડાવા આહવાન કરાયું છે.

# ૮૩ વર્ષીય માતાને પુત્ર માસિક ૪ હજાર ચૂકવશેઃ ભરણ-પોષણ કેસમાં લાલપુર ટ્રિબ્યુનલે અત્યંત મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો

**સમય સંદેશઃ લાલપુર**

લાલપુર સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અને મેન્ટેનન્સ ટ્રિબ્યુનલે ૮૩ વર્ષીય વિધવા માતાના ભરણપોષણ કેસમાં એક મહત્વનો ચુકાદો આપ્યો છે. ટ્રિબ્યુનલે પુત્ર વિનોદ ખાંટને તેમની વયવૃદ્ધ અને બીમાર માતા દિવાળીબેન ખાંટને માસિક ₹૪,૦૦૦ ચૂકવવાનો આદેશ કર્યો છે. આ નિર્ણય 'માતા-પિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ અને કલ્યાણ અધિનિયમ, ૨૦૦૭' હેઠળ લેવામાં આવ્યો છે. જામજોધપુર તાલુકાના જામવાડી ગામના રહેવાસી દિવાળીબેને અરજી કરી હતી કે તેઓ વૃદ્ધાવસ્થા, ઘૂંટણના ઘસારા અને વારંવારની બીમારીઓથી પીડાઈ રહ્યા છે. પિતાની વડીલોપાર્જિત ખેતીની જમીનમાં હિસ્સો મળ્યા છતાં અને અગાઉ થયેલી સમજૂતી હોવા છતાં, પુત્ર વિનોદે સારવાર કે ભરણપોષણનો ખર્ચ ઉઠાવવાની ના પાડી દીધી હતી.

સુનાવણી દરમિયાન પુત્ર વિનોદ ખાંટે અગાઉ થયેલી વાર્ષિક રકમની સમજૂતી હોવાનો અને અન્ય ભાઈએ તમામ જવાબદારી સ્વીકારી હોવાનો બચાવ રજૂ કરીને માસિક રકમ ચૂકવવાનો ઇનકાર કર્યો હતો. જોકે, કેસની સંપૂર્ણ સુનાવણી અને પુરાવાઓની સમીક્ષા કર્યા બાદ સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ એસ.જે. અસવારે નોંધ્યું હતું કે કાયદાની કલમ ૪ હેઠળ દરેક પુખ્ત પુત્ર પર પોતાના વરિષ્ઠ માતા-પિતાનું ભરણપોષણ કરવાની કાનૂની અને નૈતિક ફરજ છે.

ટ્રિબ્યુનલે સુપ્રીમ કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટના વિવિધ ચુકાદાઓનો સંદર્ભ આપી સ્પષ્ટ કર્યું કે આ એક સામાજિક કલ્યાણકારી કાયદો છે અને કોઈ પણ જૂની ખાનગી સમજૂતી કે કરારથી પુત્ર પોતાની કાનૂની ફરજમાંથી મુક્ત થઈ શકતો નથી. માતાની ઉંમર, તબીબી સ્થિતિ અને પુત્રની આર્થિક ક્ષમતાને ધ્યાનમાં રાખીને ટ્રિબ્યુનલે આદેશ આપ્યો છે કે પુત્ર વિનોદે પોતાની માતાને નિયમિતપણે માસિક ₹૪,૦૦૦ ચૂકવવા પડશે, અને જો આ રકમ ચૂકવવામાં નહીં આવે તો તંત્ર દ્વારા તેની જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલાત કરવામાં આવશે.

# જામનગરમાં રણમલ તળાવ પાસે બેકાબૂ થાર ડિવાઈડર કૂદી ગઈ

**સમય સંદેશઃ જામનગર**


તસવીરઃ હિરેન ગાંધી

જામનગરમાં રણમલ તળાવની પાળે પાછળના ભાગ નજીક મુખ્ય માર્ગ પર સોમવારની રાત્રે એક થાર જીપનો ચાલક બેકાબૂ બનતાં અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે દોડતી થાર જીપ રસ્તાના ડિવાઇડર સાથે ધડાકાભેર અથડાઈ ડિવાઇડર કુદાવી સામેની બાજુ મહાનગર પાલિકા દ્વારા મુકાયેલી તોપ સાથેના સર્કલમાં જઈને અટકી હતી.

અકસ્માતના પગલે મહાનગરપાલિકાની મિલકતને પણ નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. સદનસીબે અકસ્માત સમયે કોઈ જાનહાનિ થઈ ન હતી, અને થાર ચાલક પણ સમયસર વાહનમાંથી બહાર નીકળી ગયો હતો. સોમવારની રાત્રે આ વિસ્તાર સઘન અવરજવરવાળો હોવાથી અકસ્માતને પગલે આસપાસના

અનુ પાના નં.૨ પર

# કાનાલુસની સીમમાં પરપ્રાંતિય શ્રમિકનો ગળેફાંસો ખાઇ આપઘાત

**સમય સંદેશઃ જામનગર**

મૂળ બિહારના અને હાલ કાનાલુસ સીમમાં એલ.સી.-૮ લેબર કોલોનીમાં રહેતા રિતિકકુમાર સુભાષ મંડલ (ઉં.વ.૨૧) મજૂરી કામ કરતા હતા. તા.૧૭ ઓગસ્ટના રોજ સવારે સવા નવ વાગ્યા પહેલાંના કોઈ સમયે તેઓ કાનાલુસ સીમમાં એલ.સી.-૮ બહાર આવેલા ટ્રાન્ઝીટ કેમ્પની બાજુમાં ખાલી પડેલા રૂમમાં જઈ ત્યાં લોખંડના એન્ગલ સાથે કપડું બાંધી ગળાફાંસો ખાઈ લેતા તેમનું મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતાં મેઘપર પોલીસે ઘટનાસ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. આ અંગે રાજુકુમાર પાંડેએ જાણ કરતાં પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com